

# અક્ષરના હે ધામી શ્રીજી...

અક્ષરના હે ધામી શ્રીજી સ્વામી સંગે આવો રે,
હૃદય અમારું અર્પણ તમને મંદિર રૂડું બનાવો ને...
અક્ષરના હે ધામી શ્રીજી...
સુહૃદભાવના ગંગાજળથી આંગણહૃદય પખાળું રે,
નિર્દોષભાવના પાયા ઊંડા પાતાળે ઘન ઢાળું રે... (૨)
સ્વામિનારાયણ નામની આરતી નિત અંતરમાં ઉજાળું રે,
હૃદય અમારું અર્પણ તમને મંદિર રૂડું બનાવો ને...
અક્ષરના હે ધામી શ્રીજી...
મંદિર આ સંસારનું મંગળ કેવળ નહીં એ ઈમારત રે,
પ્રેમ પવિત્રતા ભક્તિ શાંતિ મહેકે અહીં ઈબાદત રે... (૨)
શ્રી અક્ષર પુરુષોત્તમુપાસના મૂર્તિ રૂપ જ્યાં બિરાજે રે...
હૃદય અમારું અર્પણ તમને મંદિર રૂડું બનાવો ને...
અક્ષરના હે ધામી શ્રીજી...
આતમ અહો અક્ષર અમારાં બ્રહ્મરૂપ અવિનાશી રે
દેહ કલેવર નોખાં નોખાં નામ રૂપ ગુણ રાશિ રે... (૨)
સચરાચરમાં જોઉં જયહીં ત્યાં પુરુષોત્તમ પ્રકાશે રે...
હૃદય અમારું અર્પણ તમને મંદિર રૂડું બનાવો ને...
અક્ષરના હે ધામી શ્રીજી...

રચયિતા : ડૉ. મનોજ સોની



'બ્રહ્મનિર્ઝર'નાં નિયમિત પઠન-દર્શન કરતા સૌ સ્નેહી અક્ષરમુક્તોને હૃદયવંદન સહ
નૂતન વર્ષના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ !
વિક્રમ સંવત ૨૦૭૫માં આ પ્રાર્થના આપણા સૌના જીવનમાં સાકાર થાય તેવી શ્રી પ્રભુચરણે, શ્રી ગુરુચરણે અભ્યર્થના !